# ભારત પાસે માણસો છે પણ મેડલ કેમ નથી ?

બ્રાઝીલમાં રિયો ઓલિમ્પિકમાં ભારતનો દેખાવ નિરાશાજનક રહ્યો. આ ઓલિમ્પિકમાં ભારતના કુલ ૧૨૪ ખેલાડીઓએ ૧૫ રમતોની ૧૧૭ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેના પરિણામ સ્વરૂપે ભારતને એક સિલ્વર અને એક બ્રોન્ઝ મેડલ મળ્યો. ભારતની સવા સો કરોડની વસ્તીને ધ્યાને લઈએ તો સાઠ કરોડે એક મેડલ મળ્યો ગણાય ! એ પણ ગોલ્ડ તો નહિ જ. આવું શા માટે ? આ ઓલિમ્પિકમાં ભારતનું સ્થાન ૬૭ મુ રહ્યું હતું. આ પૂર્વે ભારતે ૨૦૦૮માં બેન્જીંગમાં એક ગોલ્ડ અને બે સિલ્વર મેડલ જીતેલા તે સૌથી સારો દેખાવ રહ્યો છે. ભારતે અત્યાર સુધીમાં કુલ ૨૨ મેડલ જીત્ય છે. જેમાં વીસમી સદીના મધ્યભાગમાં હોકીમાં જ કુલ છ મેડલ મેળવ્યા હતા. ઓલિમ્પિક કે એશિયન કે અન્ય આંતરરાષ્ટ્રીય રમતોમાં (ક્રિકેટ સિવાય) ભારતનો દેખાવ નબળો કેમ રહે છે ? આ માટે કોણ જવાબદાર છે ? સરકાર કે સમાજ કે વ્યક્તિ પોતે ?

રમતગમતમાં ભારતનું પછાત પાનું હોવા પાછળ એક કરતા વધુ કરને છે. સૌથી મોટું કારણ એ ગણાવી શકાય કે ભારતમાં રમતગમત માટેની ભૌતિક માળખાકીય સુવિધાઓ છે જ નહિ. રમતના મેદાનો કે રમત માટેના સાધનો જે સરળતાથી મળવા જોઈએ તે નથી. હા... દરેક શહેરમાં મોટાભાગના વિસ્તારમાં રમતના મેદાન માટેની જગ્યા અનામત રાખવામાં આવી છે, પણ ત્યાં ક્રિકેટ સિવાય ક્યારેય કોઈ રમત રમતી જોવા મળતી નથી. રમતના મેદાનની સાથે અન્ય સુવિધાનો ક્યારેય આપની સરકાર કે સમજે વિચાર જ કર્યો નથી. આપને બાગ બગીચા બનાવવામાં જેટલા રૂપિયા ખર્ચ કરીએ છીએ એનો દસમાં ભાગનો ખર્ચ આપણે રમતના મેદાન પાછળ કરીએ તો પણ ઘણું છે.

રમતગમત માટેના શિક્ષણનો પણ અભાવ છે. શાળામાં કઈ રમતો રમતી જોવા મળે છે ? લંગડી, કબ્બડી , વોલીબોલ અને ક્રિકેટ. આ સિવાય ભાગ્યેજ કોઈ રમત કોઈ શાળામાં રમતી હશે. શહેરમાં મોટાભાગની શાળા પાસે રમતના મેદાન જ નથી ! પછી રમત રમવાની વાત જ ક્યાંથી આવે ? રમત માટે શાળામાંથી જે પ્રેરણા અને સુવિધા મળવી જોઈએ તે નથી જ. સાથે વાલી પણ એટલા જ જવાબદાર છે. આજના વાલીના મતે રમત એ શિક્ષણ પછી આવતી પ્રવૃત્તિ છે. જે માત્ર ટાઇમ પાસ કરવા માટે અને મનોરંજન માટે છે. આમ રમત માટે જે પ્રોત્સાહન બાળકને મળવું જોઈએ તે નથી મળતું શાળામાંથી કે નથી મળતું ઘેરથી. રમતમાં સારો દેખાવ કરવા કે આગળ વધવા નાનપણથી જ કોઈ ચોક્કસ રમત સાથે જોડાવવું પડે. જે આજના વાલીને મંજૂર નથી. એને ભય છે કે જો રમતમાં મારું બાળક આગળ નહિ આવે તો તેનું ભવિષ્ય બગડશે. આમ આજનો વાલી રમવા કરતા ભણવામાં વધારે ધ્યાન આપે છે.

આજે ભારતની ૪૦ કરોડ જેટલી વસ્તી ગ્રામ્ય વિસ્તારમાં રહે છે. જે આખા અમેરિકા અને રશિયાના અને ઓસ્ટ્રેલીયા બધા દેશોની વસ્તીના સરવાળા કરતા પણ વધારે છે. ત્યારે આપની સરકારે ક્યારેય ગામડામાં રમતની પ્રવૃત્તિને પ્રોત્સાહન આપ્યું નથી. હકીકતમાં ગ્રામ્ય વિસ્તારમાં મોટા મેદાનો છે, જેનો યોગ્ય ઉપયોગ જ થતો નથી.

આમ જોવા જઈએ તો ભારતની માનસિકતા જ એવી છે કે આપણે ભારતને રમતોનો દેશ ના જ કહી શકીએ. અન્ય દેશ રમતને વ્યક્તિની અભિવ્યક્તિ તરીકે લે છે જયારે આપને મનોરંજન માટે લઈએ છીએ. વ્યક્તિની અંદર જે પડેલું છે તેને યોગ્ય રીતે બહાર લાવવાની કલા તરીકે આપને રમતને ક્યારેય જોઈ નથી. પરદેશમાં તમને એક વાત સાહજીકતાથી જોવા મળશે કે જે લોકો રમત સાથે નજીકથી સંકળાયેલ નથી તેઓ પણ સવારે દોડવા નીકળી પડે છે. સાયકલના શોખીનો ૩૦-૪૦ કિમી સાયકલ સરળતાથી અને શ્જ્યતાથી અવારનવાર ચલાવે છે. અહી બાળકને નાનપણથી જ તેને ગમતી કોઈ એક રમત સાથે જોડી દેવામાં આવે છે. જે માટેની સુવિધાઓ અને તકો શાળા કક્ષાએથી જ મળે છે. શાળાના અભ્યાસક્રમમાં આ ફરજીયાત છે. જયારે આપણે ત્યાં ? શાળામાં રમતના તાસને ક્યારેય ગંભીર ગણવામાં આવ્યો જ નથી. અડધો કલાકનો આ તાસ કેવી રીતે પૂરો થાય છે તે આપણે સૌ જાણીએ છીએ. સાયન્સ, કોમર્સ કે આર્ટ્સ કે મ્યુઝિક કે મેડીકલ કે એન્જિનીયરીંગની કોલેજો કે યુનિવર્સીટી છે તેમ આપણે ત્યાં કોઈ રમતની કોલેજ કે યુનિવર્સીટી છે ? જુદી જુદી રમતો માટે કોઈ સારી સંસ્થા જ નથી.કે જે નેતૃત્વ લઈને જે તે રમત માટે ખેલાડીઓ પેદા કરે અને પૂરતી સુવિધા અને તકો પૂરી પાડે. અરે, આપણી સરકાર પાસે રમતોને લઈને કોઈ ચોક્કસ પોલીસી – નીતિ જ નથી કે જેના કારણે રમતવીરો પેદા થાય. ૧૯૭૬ના ઓલિમ્પિકમાં ઓસ્ટ્રેલિયાને એક સિલ્વર અને ચાર બ્રોન્ઝ મેડલ મળેલા. આ દેખાવ તેમના માટે નિરાશાજનક રહ્યો હતો. જેથી ત્યાની સરકારે તાત્કાલિક સંશોધન કરાવ્યું, સૂચનો મેળવ્યા અને અંતે ચોક્કસ નીતિ બનાવી. સ્પોર્ટ્સ ઓથોરીટીની સ્થાપના કરી, ભંડોળ ફાળવ્યું. સ્પોર્ટ્સ ક્લબો રચાઈ, મેદાનો બન્યા. પરફેક્ટ પ્લાનીગ સાથે તેઓ આગળ વધી રહ્યા છે. . પરિણામ આપને જોઈ શકીએ છીએ કે એ દેશ રમતોમાં કેટલો આગળ નીકળી ગયો ? આપણે આવું ના કરી શકીએ ? ના. કારણ કે, આમ કરવા માટે ભ્રષ્ટાચાર અને અમલદારશાહીને ભગાડવા પડે. જે જાય તેમ નથી. એટલું જ નહિ રમતોમાં પણ હવે તો પરિચિતવાળ અને સગાવાદ પેસી ગયા છે. જે સારા ખેલાડીઓને નિરાશ કરી રહ્યા છે. આ રીતે જોવા જઈએ તો ભારતમાં રમતગમત માટેની સુવિધાઓ તો ઓછી છે જ , પણ સાથે તકો પણ ઓછી છે.

આજની રમતો મોંઘી બનતી જાય છે. જેથી ક્યારેક સારો ખેલાડી બનવા માગતી વ્યક્તિ રમતથી દૂર જાય છે. તેને આર્થિક સહાય કરવાની વિશેષ જોગવાઈ સરકાર કે સમાજ દ્વારા નથી. આપણે ત્યાં તો ખેલાડી જયારે સ્ટાર બને ત્યારે તેની પર પૈસાનો વરસાદ વરસી પડે છે, પણ તેને સ્ટાર બનાવવા કોઈ મદદમાં આવતું નથી. રમત માટે સરકાર કે સંસ્થાએ બાળકોને દત્તક લઇ લેવા જોઈએ. જેથી આર્થિક કારણોસર તે રમત છોડી ના દે અથવા તો રમતમાં આગળ વધવા માટેનો પૂરતો ખર્ચ કરી શકે. પરદેશમાં રમતો માટે સરકારનું જે પ્લાનીગ છે, તે પ્લાનિંગનો આપણી સરકારે અભ્યાસ કરવો જોઈએ અને આપણી અનુકૂળતા કે સગવડતાને આધારે તેનો અમલ કરવો જોઈએ. બીજા પાસેથી શીખવામાં નાનપ અનુભવવાની જરૂર નથી.